# લઠ્ઠાકાંડ : કેમિકલ અને મટીરીયલ સપ્લાય કરનાર ઈશ્વરભા ગઢવીને કચ્છથી ઉઠાવાયો

## ૮ દિવસના રિમાન્ડ મંજૂર; બીજી તરફ એસએમસી દ્વારા સ્થાનિક પોલીસ કર્મચારીઓ સામે ખાતાકીય તપાસનો ગાળિયો કસાતાં પોલીસ બેડામાં ફફડાટ

ભાવનગર,તા.૨૭

ભાવનગર જિલ્લામાં ચકચાર મચાવનારા લઠ્ઠાકાંડના કારણે અત્યાર સુધીમાં ૧૩ નિર્દોષ લોકોના મોત નીપજ્યા છે, જેને પગલે સમગ્ર કેસની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપવામાં આવી છે. તપાસ ટીમે અગાઉ ૨૭ આરોપીઓને ઝડપી લીધા બાદ હવે નકલી દારૂ બનાવવાનું કેમિકલ અને મટીરીયલ સપ્લાય કરનારા વધુ એક મુખ્ય સૂત્રધાર ઈશ્વરભા ગઢવીને કચ્છના ભચાઉ ખાતેથી દબોચી લીધો છે, જેથી આ કેસમાં ઝડપાયેલા કુલ આરોપીઓની સંખ્યા ૨૮ પર પહોંચી ગઈ છે.



ઝેરી દારૂકાંડની ઊંડાણપૂર્વકની તપાસમાં અગાઉ ઝડપાયેલા રઈશ અંસારી સહિતના ૧૪ આરોપીઓ તેમજ કેમિકલ સપ્લાયર આનંદ છાંડી સહિતના અન્ય ૧૩ આરોપીઓની આકરી પૂછપરછ દરમિયાન મળેલી મહત્ત્વપૂર્ણ કડીઓના આધારે SMC ની ટીમે ભચાઉમાં છાપો મારીને ઈશ્વરભાની ધરપકડ કરી હતી. આરોપીને અદાલત સમક્ષ રજૂ કરવામાં આવતાં કોર્ટે તેના ૮ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે, જેના આધારે હવે ઈશ્વરભાની પૂછપરછ કરી આ ગેરકાયદે નેટવર્કમાં સંડોવાયેલા અન્ય મોટા માથાઓ સુધી પહોંચવા તંત્રએ કવાયત હાથ ધરી છે.

બીજી તરફ આ લઠ્ઠાકાંડમાં બુટલેગરોની સાથે સ્થાનિક પોલીસની મિલીભગત અને શંકાસ્પદ ભૂમિકા પણ તપાસના કેન્દ્રબિંદુમાં રહેતાં ખાતાકીય તપાસનો ગાળિયો કસવામાં આવી રહ્યો છે. SMC ના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી તપાસમાં આરોપીઓના કોલ ડિટેઈલ રેકોર્ડ્સ (CDR) ના આધારે તેમના સંપર્કમાં રહેલા સ્થાનિક પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓને વારાફરતી બોલાવીને આકરી પૂછપરછ કરાઈ રહી છે તથા તેમના સત્તાવાર નિવેદનો નોંધવામાં આવતાં પોલીસ બેડામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. તપાસ પૂર્ણ થયા બાદ ફરજમાં બેદરકારી દાખવનાર કે બુટલેગરોને છાવરનાર જવાબદાર પોલીસકર્મીઓ સામે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. સમગ્ર કેસની તપાસ અંગે પ્રથમવાર મીડિયા સમક્ષ સત્તાવાર પ્રતિક્રિયા આપતાં જીસ્ઝ વડા અને આઈજી ગગનદીપ ગંભીરે જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ૫ દિવસથી ભાવનગરમાં કેમ્પ કરીને આરોપીઓ, સ્થાનિક સાહેદો અને પોલીસ અધિકારીઓની ઝીણવટભરી પૂછપરછ કરી રહ્યા છે. સ્થાનિક સાહેદોને ગાંધીનગર સુધી લાંબા ન થવું પડે તે હેતુથી તમામના સ્ટેટમેન્ટ ભાવનગરમાં જ પૂર્ણ કરી લેવામાં આવ્યા છે અને હવે આ સાક્ષીઓના નિવેદનો તથા પુરાવાઓના આધારે આગળની વિસ્તૃત કાનૂની અને ખાતાકીય તપાસ વેગવંતી બનાવવામાં આવશે.

# સરદાર યુવા મંડળ ભાવનગર દ્વારા માળનાથ ખાતે ટ્રેકિંગ કેમ્પ




ભાવનગર સ્થિત સરદાર યુવા મંડળ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી ઉજવણી નિમિત્તે તાજેતરમાં ભાવનગર શહેર નજીક આવેલ માળનાથના ડુંગરામાં ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડુંગરા વચ્ચે આ વરસાદી માહોલમાં કુદરતી વાતાવરણ માણવાની મજા જ કંઈક ઓર છે. જ્યારે આજનો માનવી મોબાઈલ ટીવીમાં રચ્યોપચ્યો રહે છે અને કુદરતથી દૂર જઈ રહ્યો છે ત્યારે ચોમાસાની ઋતુમાં આ પ્રકારના શારીરિક ક્ષમતા વધારતા ટ્રેકિંગના કાર્યક્રમ જિંદગીનો એક અદભુત અનુભવ છે. ટ્રેકિંગના અંતિમ પડાવમાં માળનાથ ભગવાનના દર્શન કરી લોકોએ ધન્યતા અનુભવી. આ ટ્રેકિંગ કેમ્પમાં ખાસ કરીને મહિલાઓ અને બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ ટ્રેકિંગ કેમ્પને સફળ બનાવવા મંડળના પ્રમુખ ભરત મોણપરા, જીવરાજ કંટારીયા, શાંતિભાઈ ગોયાણી સહિતના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# અલંગ શિપ ઉદ્યોગના વિકાસ માટે મંત્રી વાઘાણીને મળી GMBની પોલિસીમાં ફેરફાર સુચવાયા

## શિપ રિસાયકલિંગ એસો.ની રજુઆત પરત્વે ૧૫ વર્ષની દીર્ઘકાલીન પોલિસી, રોંગ બીચિંગ પેનલ્ટીમાં સુધારા અને ઉદ્યોગની ક્ષમતા બમણી કરવા મંત્રીએ આપી ખાતરી

ભાવનગર,તા.૨૭

અલંગના આંતરરાષ્ટ્રીય શિપ રિસાયક્લિંગ ઉદ્યોગને ભવિષ્યમાં વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જવાના અર્થે 'શીપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અલંગ'ના હોદ્દેદારો અને સભ્યો દ્વારા ગાંધીનગર મુકામે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને એક મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી હતી. આ બેઠક દરમિયાન ગુજરાત મેરીટાઈમ બોર્ડ ની નવી પોલિસીમાં ઉદ્યોગના હિત માટે જરૂરી એવા સૂચિત ફેરફારો રજૂ કરાયા હતા.

મુખ્યત્વે ઉદ્યોગની સ્થિરતા માટે નવી પોલિસી ૧૫ વર્ષ કે તેથી વધુ લાંબા સમયગાળા માટે બનાવવી, રોંગ બીચિંગ માટેની પેનલ્ટીમાં યોગ્ય સુધારો કરવો તેમજ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શિપ રિસાયક્લિગના કામમાં અડચણરૂપ બનતા નિયમોમાં એસોસિએશન દ્વારા સૂચવાયેલા સુધારાઓ સ્વીકારીને નવી પોલિસી વહેલી તકે જાહેર કરવા અંગે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી.

સામે પક્ષે, મંત્રી જીતુભાઈ વાઘાણીએ પણ ભાવનગર જિલ્લાની આર્થિક કરોડરજ્જુ ગણાતા અને હજારો લોકોને રોજગારી પૂરી પાડતા આ આંતરરાષ્ટ્રીય ઉદ્યોગના સર્વાંગી વિકાસ માટે તથા તેની ક્ષમતા વહેલી તકે બમણી થાય તે માટે અંગત રીતે રસ દાખવ્યો હતો. તેમણે આશ્વાસન આપતાં ખાતરી આપી હતી કે ય્સ્મ્ ની નવી પોલિસીમાં એસોસિએશન દ્વારા સૂચવવામાં આવેલા દરેક મુદ્દાઓનો સમાવેશ કરી લેવામાં આવે અને બોર્ડ દ્વારા નવી પોલિસી વહેલી તકે રજૂ કરવામાં આવે તે માટે તેઓ પોતે સતત પ્રયત્નશીલ છે. મંત્રીશ્રી તરફથી મળેલી આ હકારાત્મક ખાતરી અને ઉદ્યોગપ્રત્યેના સાનુકૂળ વલણ બદલ શિપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અલંગના તમામ હોદ્દેદારો અને સભ્યોએ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# તહેવારો પૂર્વે જિલ્લામાં હથિયારબંધી: કલેક્ટર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ

## ઈદ, રક્ષાબંધન અને જન્માષ્ટમી જેવા તહેવારોમાં શાંતિ-સુરક્ષા જાળવવા નિર્ણય: જાહેરનામાના ભંગ બદલ કડક સજાની જોગવાઈ

ભાવનગર,તા.૨૭

આગામી ઓગસ્ટ અને સપ્ટેમ્બર-૨૦૨૬ દરમિયાન ઈદ-એ-મિલાદ, રક્ષાબંધન, જન્માષ્ટમી અને ભાદરવી અમાસ જેવા વિવિધ તહેવારો ઉજવનાર છે. આ ઉત્સવો દરમિયાન સમગ્ર ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી. ગોવાણી દ્વારા તા.૨૪/૦૮/૨૦૨૬ થી તા.૨૨/૦૯/૨૦૨૬ સુધી હથિયારબંધીનું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

આ સમયગાળા દરમિયાન કોઈપણ વ્યક્તિ શસ્ત્રો, દંડા, તલવાર, લોખંડના પાઈપ, કે શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા સાધનો સાથે રાખી શકશે નહીં. આ ઉપરાંત, સ્ફોટક પદાર્થો, પથ્થરો, મશાલો કે બિભત્સ સૂત્રોચ્ચાર અને પુતળા બાળવા પર પણ સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે. દુકાનોમાં બાળકો આકર્ષિત થાય તે રીતે હથિયારો પ્રદર્શિત કરવા પર રોક લગાવાઈ છે.

ફરજ પરના અધિકારીઓ, પોલીસ, હોમગાર્ડ્સ, લગ્ન પ્રસંગે તલવાર રાખનાર વરરાજા અને કિર્પાણ રાખનાર શીખ સમુદાયને આમાંથી મુક્તિ આપવામાં આવી છે. જાહેરનામાનો ભંગ કરનાર સામે ૪ મહિનાથી ૧ વર્ષ સુધીની કેદ અને દંડની કાર્યવાહી કરવામાં આવશે.

# જેસરના કોબાડીયા વાડી વિસ્તારમાં રસ્તા,નાળીયેરી બાબતે લોખંડના પાઈપ વડે હુમલો, પતિ-પત્નીને ઈજા

## બંનેને સારવાર માટે અમદાવાદ ખસેડાયા; બે ભાઈઓ સામે જેસર પોલીસ મથકે ગુનો દાખલ

ભાવનગર,તા.૨૭

ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના કોબાડીયા વાડી વિસ્તારમાં રહેતા અને ખેતી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા બાઘાભાઈ નાનજીભાઈ સરવૈયા (ઉ.વ.૬૦) પર રસ્તા અને નાળીયેરી કાઢી નાખવાની બાબતે જીવલેણ હુમલો થયાની ઘટના સામે આવી છે.બચાવવા આવેલા તેમના પત્ની ઉપર પણ હુમલો કરતા બંનેને ગંભીર ઈજા થતા પ્રથમ સ્થાનિક બાદ વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયા છે બનાવ અંગે જેસર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગઈ તા. ૨૪ના રોજ સાંજના સાડા છ વાગ્યાની આસપાસ બાઘાભાઈ પોતાના માલઢોર ચરાવીને ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન વાડીના કેડા પર અગાઉની દુશ્મનાવટ રાખીને ખોડાભાઈ વામાભાઈ ભંમર અને દેહુરભાઈ વામાભાઈ ભંમર નામના બે ભાઈઓ હાથમાં લોખંડના પાઈપ લઈને ઊભા હતા. આરોપીઓએ ફરિયાદીને રસ્તે ચાલવાની ના પાડી ફળિયામાંથી નાળીયેરી કાઢી નાખવાનું કહી ઉશ્કેરાઈને જેમ ફાવે તેમ ગાળો બોલી હુમલો કર્યો હતો.આ હુમલામાં દેહુરભાઈએ માથાના ભાગે તથા જમણા હાથે પાઈપનો ઘા ઝીક્યો હતો, જ્યારે ખોડાભાઈએ પગના ભાગે માર મારતા બાઘાભાઈ નીચે પડી ગયા હતા. આરોપીઓએ બંને પગ અને હાથના ભાગે લોખંડના પાઈપ વડે આડેધડ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ ઉપરાંત, બચાવ કરવા આવેલ બાઘાભાઈના પત્ની કમુબેનને પણ પેટના ભાગે પાઈપનો ઘા મારી ઈજા કરી હતી અને મોબાઈલ ફોન તોડી નાખ્યો હતો.

ઘટનાની જાણ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા, જેથી આરોપીઓ મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા.બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઘાયલ દંપતીને ખૂંટવડા, મહુવા અને ભાવનગર સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.આ બનાવ અંગે ભોગ બનનારની ફરિયાદના આધારે જેસર પોલીસ મથકે BNS કલમ ૧૧૮(૨), ૧૧૮(૧), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૩૨૪(૨), ૫૪ તથા જીપીએ ૧૩૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સર તખ્તસિંહજી હોસ્પિટલમાં 30 નવજાત દીકરીઓને 'દીકરી વધામણા કીટ' અપાઈ

## મેયર ઉષાબેન તલરેજાની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં વાલીઓને 'વ્હાલી દીકરી યોજના'ની માહિતી આપી અરજીપત્રોનું વિતરણ કરાયું

ભાવનગર,તા.૨૭

ભાવનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત સર તખ્તસિંહજી (સર ટી.) હોસ્પિટલના ગાયનેક વિભાગ ખાતે નવજાત દીકરીઓના જન્મને આવકારવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મેયર ઉષાબેન તલરેજાની અધ્યક્ષતામાં યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન મેયરના હસ્તે ૩૦ નવજાત દીકરીઓને 'દીકરી વધામણા કીટ' અર્પણ કરીને તેમના વાલીઓને




સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પહેલનો મુખ્ય હેતુ દીકરીના જન્મને પરિવાર માટે આનંદ અને ગૌરવની ક્ષણ તરીકે ઉજવવાનો તથા સમાજમાં દીકરીઓ પ્રત્યે સકારાત્મક અભિગમ કેળવવાનો છે.

આ સાથે દીકરીઓને સમાન અધિકાર, તક અને સન્માન મળે તે માટે સામાજિક જાગૃતિનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત વાલીઓને સરકારની 'વ્હાલી દીકરી યોજના'ની પાત્રતા, મળવાપાત્ર નાણાકીય લાભો અને તેની અરજી પ્રક્રિયા વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. દીકરીના શિક્ષણ, વિકાસ અને ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં સહભાગી બનવા માટે પાત્ર લાભાર્થીઓને અરજીપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું અને સરકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરાયો હતો.

# જીવનમાં ઈશ, ગુરુ, સંત, શાસ્ત્ર અને આત્મકૃપા થાય ત્યારે જીવ શિવત્વ પામે - સીતારામ બાપુ

## શિવકુંજ આશ્રમ અધેવાડા ખાતે તુલસી જયંતિની ભાવભર ઉજવણી

ભાવનગર,તા.૨૭

શ્રાવણ સુદ ૩ ના દિવસે રામચરિત માનસના રચયિતા ભક્ત શીરોમણી સંત તુલસીદાસજી મહારાજની ૫૨૯ મી જન્મ જયંતીની ઉજવણી શિવકુંજ ધામ ખાતે કરવામાં આવી હતી .



આ પ્રસંગે પાથેય અર્પણ કરતા પૂ. સીતારામ બાપુએ જણાવેલ કે બાલ્યકાળથી રામ નામના જપ કરનારા તુલસીએ રામ ચરિત માનસની રચના કરીને કળિયુગમાં લોકોને સરળ ભક્તિગ્રંથ અર્પણ કર્યો છે.વાલ્મિકી રચિત રામાયણ ઈતિહાસપ્રધાન ગ્રંથ છે જ્યારે તુલસીજી રચિત રામચરિતમાનસ ભક્તિ પ્રધાન ગ્રંથ છે "સંસ્કાર નહોતા સંસ્કૃતિ નહોતી જીવનમાં ભક્તિની મસ્તી ન હોતી' 'વ્યાસ વાલ્મિકી તુલસી ન હોત તો રામકૃષ્ણની હસ્તી ન હોત "

આમ કળિયુગમાં સ ગુણ ઉપાસના કરવાનું માધ્યમ એ રામાયણ છે રામાયણ અને શ્રીમદ ભાગવત જેવા ગ્રંથોની રચના થકી ઈશ્વરના દર્શન સુલભ બન્યા છે.

ભક્તિની શક્તિ દ્વારા જીવનમાં નવી દ્રષ્ટિ આપે તે રામાયણ અને શ્રીમદ ભગવત ગીતા. તુલસી જયંતિની ઉજવણી પૂજ્ય મોરારી બાપુ અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં ઉજવી રહ્યા છે ત્યારે રામાયણ એ વૈશ્વિક ગ્રંથ બન્યો છે. તુલસીજી ધન્ય છે જેનો જન્મ પણ શ્રાવણમાં અને નિર્વાણ પણ શ્રાવણ મા. એટલે તો નરસિંહ મહેતાએ ગાયું છે

"રામાયણને ગીતા મારી અંતરની આંખો, હરિએ દીધી છે મને ઉડવાની પાંખો " આવા રૂડા આશીર્વાદ થકી શિવકુંજ માનસ પરિવાર અને હાજર રહેલા સૌ ભાવિકોને ખૂબ ભાવથી રામચરિત માનસ વાંચવાની પ્રેરણા આપી હતી .આજના પ્રસંગે બી. જે. દિક્ષિતે પ્રાસંગિક રજૂ કરેલ , સૌ ભવનાથ મહાદેવના પૂજા દર્શન કરીને મહાપ્રસાદ લઈ છૂટા પડેલ .રામેશ્વરાનંદજી અને વરુણા નંદજીએ સ્ત્રોત્રગાન થકી વાતાવરણ પવિત્ર બનાવેલ .

# નેશનલ હાઈવે પર અંડરપાસની માંગ સાથે આંદોલન ઉગ્ર: ઉમણીયાવદર ખાતે મહાસભા

## ૨૦ ગામોના લોકો માટે રસ્તો ઓળંગવો જોખમી બનતાં આક્રોશ; 'આપ' નેતા ગોપાલ ઈટાલિયા અને બ્રિજરાજ સોલંકીએ સમર્થન આપી આક્રમક આંદોલનની આપી ચીમકી





ભાવનગર,તા.૨૭

નેશનલ હાઈવે ૫૧ પર આવેલા ઉમણીયાવદર અને આસપાસના ૨૦ જેટલા ગામોના લોકો માટે સુરક્ષિત અવરજવર અર્થે અંડરપાસ અથવા ઝીબ્રા ક્રોસિંગ બનાવવાની માંગ સાથે હાથ ધરાયેલું આંદોલન હવે વધુ ઉગ્ર બન્યું છે. લાંબા સમયથી સ્થાનિક ગ્રામજનો દ્વારા તંત્ર સમક્ષ સતત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ કાયમી ઉકેલ ન આવતાં લોકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. હાઈવે પરથી સતત પૂરપાટ ઝડપે પસાર થતા વાહનોના કારણે ૨૦ ગામોના રહીશો માટે રસ્તો ઓળંગવો અત્યંત જોખમી સાબિત થઈ રહ્યો છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, અંડરપાસ કે યોગ્ય ક્રોસિંગના અભાવે અવારનવાર જીવલેણ અકસ્માતો સર્જાય છે અને લોકો દરરોજ પોતાનો જીવ જોખમમાં મૂકીને રોડ ઓળંગવા મજબૂર બન્યા છે, તેમ છતાં તંત્ર દ્વારા આ અત્યંત ગંભીર બાબતને સતત અવગણવામાં આવી રહી છે.દરમિયાન, ગ્રામજનોની આ વ્યાજબી લડાઈને સમર્થન આપવા માટે આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા ગોપાલ ઈટાલિયા અને યુવા નેતા બ્રિજરાજ સોલંકી ઉમણીયાવદર ગામે પહોંચ્યા હતા. આ તકે ગામમાં એક વિશાળ મહાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું,

આ સભામાં ઉમણીયાવદર સહિત આસપાસના ૨૦ ગામોમાંથી હજારોની સંખ્યામાં ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા. મહાસભાને સંબોધતા આપ નેતાઓએ ગ્રામજનોની માંગણીને સંપૂર્ણપણે વ્યાજબી ગણાવી હતી અને તંત્રની નિષ્ક્રિયતા સામે કડક વલણ અપનાવ્યું હતું. ગોપાલ ઈટાલિયાએ ચીમકી આપતાં જણાવ્યું હતું કે જો તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સુરક્ષિત આવાગમન માટે અંડરપાસ કે ઝીબ્રા ક્રોસિંગની કામગીરી મંજૂર કરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં આ લડાઈને વધુ આક્રમક બનાવી જનઆંદોલન છેડવામાં આવશે. હાલમાં ૨૦ ગામના લોકો એકસૂરે તંત્ર પાસે આ સમસ્યાનો વહેલી તકે કાયમી અને સંતોષકારક ઉકેલ લાવવાની માંગ કરી રહ્યા છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# ભાવનગર મહાપાલિકાનું રૂ. ૧૪૮ કરોડનું મેગા રિ-ડેવલપમેન્ટ પ્લાનિંગ: સ્ટેન્ડિંગ કમિટીમાં કરોડો રૂપિયાની દરખાસ્તો

## ગંગાજળિયા વેજીટેબલ માર્કેટ અને મહિલાબાગ શોપિંગ સેન્ટરનું આધુનિકીકરણ કરાશે; રસ્તા, બ્રિજ અને જોગર્સ પાર્ક સહિત રૂ. ૫૩.૮૯ કરોડથી વધુના વિકાસકામો પર લાગશે મંજૂરીની મહોર

ભાવનગર,તા.૨૭

ભાવનગર શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જર્જરિત ઈમારતોના નવીનીકરણને લગતી અબજો રૂપિયાની દરખાસ્તો મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મંજૂરી અર્થે રજૂ કરવામાં આવી છે, જેના પર આગામી ૩૧ ઓગસ્ટના રોજ યોજાનાર બેઠકમાં નિર્ણય લેવામાં આવશે. આ મેગા પ્લાનિંગમાં ખાસ કરીને સ્ટ્રક્ચરલ રિપોર્ટમાં અનસેફ અને અનસ્ટેબલ જાહેર થયેલા દાયકાઓ જૂના ગંગાજળિયા તળાવ નજીકના વેજીટેબલ માર્કેટ-શોપિંગ સેન્ટર તેમજ મહિલાબાગ શોપિંગ સેન્ટરને રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ આધુનિક સ્વરૂપ આપવાની કવાયત હાથ ધરાઈ છે. અર્બન ચેલેન્જ ફંડ અને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ક્રિએટિવ રી-ડેવલપમેન્ટ ઓફ સિટીઝ કેટેગરીમાં આ સમાવેશ કરાયો છે. સુરતની મેસર્સ સર્જન આર્કિટેક્ટ એન્ડ પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરાયેલા ડીપીઆર મુજબ રૂ. ૧૪૮.૦૪ કરોડના ખર્ચે પાર્કિંગ વ્યવસ્થા, વ્યાપારી એકમો અને જાહેર સુવિધાઓ સાથેનું નવું કોમ્પ્લેક્સ નિર્માણ પામશે, જે માટે કન્સલ્ટન્ટને ૨% ફી ચૂકવવાની અને કામ શરૂ કરતાં પહેલાં હાલના ભાડૂતો પાસેથી દુકાનો તથા ગોડાઉનો નિયમાનુસાર ખાલી કરાવવાની કાનૂની પ્રક્રિયા હાથ ધરાશે.

બીજી તરફ, શહેરના ટ્રાફિકનું ભારણ ઘટાડવા અને માળખાકીય સુવિધાઓ સુધારવા માટે અન્ય રૂ. ૫૩.૮૯ કરોડથી વધુના વિકાસકામોની દરખાસ્તો પણ મુકાઈ છે. ઉત્તર અને દક્ષિણ સરદારનગર વોર્ડમાં અધેવાડાથી અકવાડા સીતારામ હોસ્પિટલ તરફનો અને કાઠિયાવાડી પોઈન્ટથી સીતારામ હોસ્પિટલ સુધીનો રોડ વાઈડનિંગ કરી રૂ. ૧૬.૦૫ કરોડના ખર્ચે પવન કન્સ્ટ્રક્શન દ્વારા ફોરલેન પેવર રોડ બનાવાશે. ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા નિવારવા દક્ષિણ સરદારનગર-અધેવાડા વોર્ડમાં માલેશ્રી નદી પર ભૂમિ કન્સ્ટ્રક્શન દ્વારા રૂ. ૮.૮૪ કરોડના ખર્ચે માઈનોર બોક્સ કલવર્ટ બ્રિજ તથા ઘોઘાસર્કલ-અકવાડા વોર્ડમાં માલેશ્રી નદી પર ચેતન કન્સ્ટ્રક્શન દ્વારા રૂ. ૨૫.૭૭ કરોડના ખર્ચે મોટો ફોરલેન બ્રિજ તૈયાર કરાશે. વધુમાં, બોરતળાવ ખાતે બટરફ્લાય ગાર્ડનથી કૈલાસવાટિકા ફેઈઝ-૨ સુધી જોગર્સ પાર્ક અને ઈસ્કોન રોડ એન્ટ્રી ગેટ રૂ. ૧.૧૭ કરોડના ખર્ચે વિકસાવવામાં આવશે તથા વિવિધ વોર્ડમાં ડ્રેનેજ અપગ્રેડેશનના કામો હાથ ધરાશે.

દરમિયાન, કુંભારવાડા અવેડાથી દસનાળા સુધીના ૪ કિલોમીટરના રોડને ફોરલેન બનાવવાની કામગીરીમાં મહત્વનો બદલાવ કરાયો છે. આ રસ્તાનું હાલ ૪૦% ભૌતિક અને ૧૫% નાણાકીય કામ પૂર્ણ થયું છે, પરંતુ મુખ્યમંત્રીના આદેશ બાદ હવે ડામરના બદલે આખી લાઈનને આરસીસી (PQC) રોડમાં કન્વર્ટ કરવાનો નિર્ણય લેવાયો છે. કુંભારવાડાથી નેશનલ હાઈવે સુધીનો આ મુખ્ય રસ્તો હોય, વાહનવ્યવહાર માટે એકસામટો ડાયવર્ઝન આપવો શક્ય ન હોવાથી રાહદારીઓની સુવિધા અર્થે હયાત ૬ મીટરનો ડામર રસ્તો ખુલ્લો રખાશે. એક બાજુનું કામ ચાલુ એજન્સી પાસે જ અક્ષરપાર્ક ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનથી દસનાળા સુધી DLC અને PQC થી કરાવવા માટે વધારાના રૂ. ૩.૨૪ કરોડના ખર્ચનું એક્સેસ-સેવિંગ એક્સ્ટ્રા આઈટમ સ્ટેટમેન્ટ સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી અર્થે મૂકવામાં આવ્યું છે, જેથી મૂળ રૂ. ૨૪ કરોડના આ પ્રોજેક્ટનો ખર્ચ વધીને રૂ. ૨૭.૨૪ કરોડ થશે.

# પશ્ચિમ રેલવેના GM રામાશ્રય પાંડેનો ભાવનગર પ્રવાસ: હોસ્પિટલ, વર્કશોપ અને ટર્મિનસ સ્ટેશનનું વિસ્તૃત વાર્ષિક સંરક્ષા નિરીક્ષણ

## નવા શિશુ વોર્ડનું ઉદ્ઘાટન, વૃક્ષારોપણ, DRM સાથે સમીક્ષા બેઠક અને યાત્રી સુવિધાઓ તથા વિકાસકામો વહેલી તકે પૂર્ણ કરવા આપ્યા નિર્દેશ



ભાવનગર,તા.૨૭

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરરામાશ્રય પાંડેએ ૨૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ભાવનગર મંડળની એક દિવસીય મુલાકાત દરમિયાન વિવિધ મહત્વપૂર્ણ પ્રતિષ્ઠાનો, સ્ટેશનો, સંરક્ષા વ્યવસ્થાઓ અને યાત્રી સુવિધાઓનું વિસ્તૃત અને બારીકાઈપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. આ પ્રવાસ પ્રસંગે ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક (DRM) દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક ઋત્વિક શર્મા સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યા અનુસાર, નિરીક્ષણની શરૂઆતમાં જનરલ મેનેજરે ભાવનગર પરા સ્થિત મંડળ રેલવે હોસ્પિટલની મુલાકાત લીધી હતી. અહીં તેમણે હોસ્પિટલના પુનર્વિકાસ કાર્યો અને તબીબી સુવિધાઓની સમીક્ષા કરી રિસેપ્શન, હોમિયોપેથી OPD તથા શિશુ વોર્ડ (Paediatric Ward)નું ઉદ્ઘાટન કર્યું હતું. સાથે જ આધુનિક ફાયર ફાઈટિંગ સિસ્ટમને વિધિવત કમિશન કરવામાં આવી હતી. ત્યારબાદ GM એ મેડિકલ કોલોની ખાતે બાળકો પાસે રિબન કપાવીને નવનિર્મિત બાળ ઉદ્યાનનું ઉદ્ઘાટન કરાવ્યું હતું, સ્ટાફ પરિવારો સાથે મુલાકાત કરી હતી અને પરિસરમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.

ત્યારબાદ તેમણે ભાવનગર મંડળ કચેરી ખાતે તમામ શાખાધિકારીઓ સાથે બેઠક યોજી હતી, જેમાં DRM દિનેશ વર્માએ ચાલતી પરિયોજનાઓ અને અમૃત સ્ટેશન યોજના હેઠળના પુનર્વિકાસ કાર્યોની પ્રગતિ રજૂ કરી હતી. આગળના તબક્કામાં GM એ ભાવનગર પરા સ્થિત બ્રોડગેજ વર્કશોપની વ્હીલ શોપ, LHB ઈલેક્ટ્રિકલ શોપ, રિહેબ શોપ અને ન્યૂ ફાઈનલ શોપનું સંરક્ષાની દ્રષ્ટિએ વિસ્તૃત નિરીક્ષણ કર્યું હતું, જ્યાં મુખ્ય કારખાના પ્રબંધક રાકેશ કુમાર ખરાડી પણ સાથે રહ્યા હતા.

અંતમાં, તેમણે ભાવનગર ટર્મિનસ સ્ટેશનનું નિરીક્ષણ કરી યાર્ડ રિમોડલિંગ, નવનિર્માણાધીન પિટ લાઈન અને સ્ટેશન પુનર્વિકાસના કાર્યોની સમીક્ષા કરી હતી. GM એ તમામ વિકાસકામો નિર્ધારિત ધોરણો અનુસાર વહેલી તકે પૂર્ણ કરવા અને મુસાફરો માટે સંરક્ષા તથા યાત્રી સુવિધાઓને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા માટે સંબંધિત અધિકારીઓને કડક દિશા-નિર્દેશ આપ્યા હતા.

# ભાવનગર રેલવે મંડળના સ્વર્ગસ્થ ટ્રેક મેન્ટેનરના પરિવારને ૭૫ હજારની સહાય

## મુશ્કેલ સમયમાં દિવંગત રેલકર્મીના આશ્રિતોને DSRWF અને આકસ્મિક રાહત ફંડમાંથી તાત્કાલિક આર્થિક આધાર પૂરો પડાયો

ભાવનગર,તા.૨૭

ભાવનગર રેલવે મંડળમાં કર્મચારીઓ તથા તેમના પરિવારોના કલ્યાણ અર્થે સંવેદનશીલ પ્રયાસો હાથ ધરાયા છે. મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માના માર્ગદર્શન અને વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી હુબલાલ જગનની દેખરેખ હેઠળ સાવરકુંડલા સ્ટેશન પર ફરજ બજાવતાતા દિવંગત ટ્રેક મેન્ટેનરના નિધન બાદ તેમના શોકગ્રસ્ત પરિવારને તાત્કાલિક આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યા અનુસાર, ડિવિઝનલ સ્ટાફ રિલીફ એન્ડ વેલફેર ફંડ (DSRWF) મારફતે દિવંગત કર્મચારીના પરિવારને રૂ.૫૦,૦૦૦/- ની સહાય આપવામાં આવી છે. આ ઉપરાંત મંડળ દ્વારા આકસ્મિક રાહત તરીકે વધુ ?૨૫,૦૦૦/- ની તાત્કાલિક મદદ પૂરી પડાઈ છે, જેથી પરિવારને કુલ રૂ.૭૫,૦૦૦/- નો આર્થિક સહાર પ્રાપ્ત થયો છે. સંકટ સમયે આ તાત્કાલિક સહાય આપવાની પહેલ કર્મચારી કલ્યાણ પ્રત્યે ભાવનગર મંડળની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# રાજ્યના મહિલા ધારાસભ્યોને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપી રક્ષાબંધન ભેટ



ગાંધીનગર,તા.૨૭

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહિલા ધારાસભ્યોને રક્ષાબંધન પર્વની એક મહત્વપૂર્ણ ભેટ રૂપે વિકાસલક્ષી કામો માટે કુલ ૨૮ કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય વિધાનસભામાં જનપ્રતિનિધિત્વ કરતાં શહેરી ક્ષેત્રના નવ અને ગ્રામ્ય વિસ્તારના પાંચ મળી કુલ ૧૪ મહિલા ધારાસભ્યોને પ્રત્યેકને રૂપિયા ૨ કરોડની વિકાસલક્ષી ગ્રાન્ટ તેમના મતવિસ્તારોમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિવિધ વિકાસ કામો હાથ ધરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણય અનુસાર ફાળવવામાં આવશે.

મહિલા ધારાસભ્યોને ફાળવવામાં આવનારી આ વિશેષ ગ્રાન્ટનો ઉપયોગ પોતાના મત વિસ્તારની રોડ રસ્તાની માળખાકીય સુવિધાઓની પ્રાથમિક જરૂરિયાતોને અનુરૂપ વિકાસલક્ષી કામો માટે થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ જનહિતલક્ષી અભિગમના પરિણામે સંબંધિત મહિલા ધારાસભ્યોના મત ક્ષેત્રોમાં કનેક્ટિવિટી વધુ સરળ બનશે.

## મતવિસ્તારના રોડ રસ્તા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસલક્ષી કામો માટે ૧૪ મહિલા જનપ્રતિનિધિઓને કુલ ૨૮ કરોડ રૂપિયા ફાળવાશે

# ફુલસર મુખ્યમંત્રી આવાસ યોજના પાસેથી યુવકનું અપહરણ કરી માર મારનાર આરોપીઓ ઝડપાયા



ભાવનગર,તા.૨૭

ભાવનગરના ફુલસર વિસ્તારમાં આવેલી મુખ્યમંત્રી આવાસ યોજના બહાર જાહેર રોડ પર ગત ૨૫ ના રોજ રાત્રિના સુમારે એક યુવકનું અપહરણ કરી માર મારવાની સનસનાટીભરી ઘટના સામે આવી હતી. આ મામલે બોરતળાવ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો, જેમાં પોલીસે ઝડપી કાર્યવાહી કરીને તમામ આરોપીઓને ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના કલ્યાણનગર, મુખ્યમંત્રી આવાસ યોજના બહાર, ફુલસર, ભાવનગર.ગત તા.૨૫ના રોજ મનોજ પ્રવીણભાઈ મકવાણાએ બોરતળાવ પોલીસ મથકે

એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે આરોપી યશ પુરાણીએ ફોન કરી ફ્લેટની બહાર બોલાવ્યા હતા. ત્યારબાદ આરોપીઓએ મિત્ર આકાશ ઉર્ફે ભુરા વિશે પૂછપરછ કરી જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો બોલી લાફા ઝીકી દીધા હતા.આરોપી રોહિત અને ભાર્ગવના કહેવાથી ફરિયાદીને બળજબરીપૂર્વક સ્વિફ્ટ કારમાં બેસાડી નારી ચોકડી તરફ અપહરણ કરી જવામાં આવ્યા હતા. આ દરમિયાન આરોપીઓએ ફરિયાદીનો મોબાઈલ ફોન અને મોટરસાઈકલ પણ આંચકી લીધા હતા અને શરીરે ગંભીર માર માર્યો હતો.બનાવ અંગે યશ પુરાણી, હાર્દિક ઉર્ફે આપા, રોહિત ભાર્ગવ ઉર્ફે ભગો, હિમેશ અને જયેશ.સહીત સામે ફરિયાદ નોંધાવતા બોરતળાવ પોલીસે ભ્દ્નજી કલમ ૩૦૫(૬), ૧૩૭(૨), ૧૮૯(૨) તથા અનુસુચિત જાતી અને અનુ. જન જાતી પ્રતિબંધ અધિનિયમ ૩૦૭)(-ક્ર) ,૩(૨)(દ્)મુજબ બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરેલ. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બોરતળાવ પોલીસે ત્વરિત તપાસ હાથ ધરી હતી અને અપહરણ, મારપીટ તેમજ એટ્રોસિટી એક્ટના આ કેસમાં સંડોવાયેલા તમામ આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. હાલ પોલીસે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

# નેપાળમાં અચાનક આવેલા પૂરથી અસરગ્રસ્ત નાગરિકો માટે હેલ્પલાઈન જાહેર કરાઈ

## ભાવનગર જિલ્લાના નાગરિકોએ સ્થાનિક કંટ્રોલરૂમના નંબરો અને હેલ્પલાઈન ૧૦૭૭ પર સંપર્ક કરવો

ભાવનગર,તા.૨૭

નેપાળ-ચીન સરહદ નજીક તિબેટ તરફથી ભોટેકોશી નદીમાં ભારે વરસાદના કારણે રસુવા જિલ્લા સહિતના વિવિધ વિસ્તારોમાં અચાનક પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે.

નેપાળમાં પ્રવાસે ગયેલા અથવા રોકાયેલા ભાવનગર જિલ્લાના કોઈ નાગરિક અસરગ્રસ્ત થયા હોય કે ફસાયેલા હોવાની માહિતી મળે તો તેમના પરિવારજનો, સગાં-સંબંધીઓ તથા ટૂર ઓપરેટરો દ્વારા તાત્કાલિક ભાવનગર જિલ્લા કંટ્રોલરૂમ (૦૨૭૮) ૨૫૨૧૫૫૪/૫૫ અથવા હેલ્પલાઈન ૧૦૭૭ પર સંપર્ક કરવો.આ ઉપરાંત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ૦૭૯૨૩૨૫૧૯૦૦ તથા વૉટ્સએપ નંબર ૯૯૭૮૪૦૫૩૦૪ જાહેર કરવામાં આવ્યા છે. જેના પર પણ નેપાળમાં ફસાયેલા ભારતીય નાગરિકો અથવા તેમના પરિવારજનોને કોઈપણ પ્રકારની તાત્કાલિક મદદની જરૂર હોય તો વિલંબ કર્યા વિના હેલ્પલાઈન નંબરો પર સંપર્ક કરવા જણાવાયું છે.

નેપાળમાં અસરગ્રસ્ત ભારતીય નાગરિકો માટે ઈમરજન્સી હેલ્પલાઈન +૯૭૭ ૯૮૫ ૧૩૧ ૬૮૦૭ અને +૯૭૭ ૯૭૦ ૯૧૦ ૭૫૦૦ પણ જાહેર કરવામાં આવ્યા છે. જરૂરિયાતમંદ નાગરિકો અથવા તેમના પરિવારજનો તાત્કાલિક આ નંબરો પર સંપર્ક કરી શકે છે.

# કુંભારવાડા કેન્દ્રીય વિદ્યાલય ફાટક પાસે જૂની અદાવતમાં યુવક પર જીવલેણ હુમલો

ભાવનગર,તા.૨૭

ભાવનગરના કુંભારવાડા સ્થિત કેન્દ્રીય વિદ્યાલય ફાટક પાસે દીકરીને સ્કૂલેથી લેવા ગયેલા પ્રવીણભાઈ હીરાભાઈ રાઠોડ (ઉં.વ. ૩૩, રહે. નારી રોડ) પર ચાર શખ્સોએ જૂની અદાવતમાં જાનલેવા હુમલો કર્યો હતો. સુરેશ ઉર્ફે ગલી કાવાભાઈ ચાવડા, પ્રકાશ ઉર્ફે પકો અને બે અજાણ્યા શખ્સોએ યુવકને આંતરી છરી તથા ધોકા વડે હુમલો કરી જાતિ વિષયક અપમાનિત કર્યા હતા. હુમલાખોરોએ યુવકનો મોબાઈલ અને બાઈક ભાંગી નુકસાન પહોંચાડી કાર તથા બાઈક પર ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકને સર ટી. હોસ્પિટલ ખસેડાયા છે. બોરતળાવ પોલીસે એટ્રોસિટી અને ભ્દ્નજી હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# શ્રીકષ્ટભંજનદેવને રાખડીનો શણગાર



ભગવાન શિવજીની આરાધનાના પર્વ એવાં પવિત્ર શ્રાવણ માસ અંતર્ગતસુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે આજે તા.૨૭ને ગુરુવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને દિવ્ય વાઘા અને સિંહાસને હજારો બહેનોએ મોકલેલી રાખડીનો શણગાર કરાયો છે.આ ઉપરાંત હજારો બહેનોએ દાદાને મોકલાવેલા પત્ર પણ દાદા સમક્ષ મૂક્યા હતા.

# ભાવનગર રેલવે મંડળમાં વિશેષ જાગૃતિ સાથે મચ્છર નિયંત્રણ અભિયાન

ભાવનગર

ભાવનગર મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માના માર્ગદર્શન તથા મંડળ રેલવે હોસ્પિટલના મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. મનોજ કુમારની દેખરેખ હેઠળ મચ્છરજન્ય રોગોની રોકથામ માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશનો મુખ્ય હેતુ રેલવે કર્મચારીઓ, તેમના પરિવારજનો અને કોલોનીના રહેવાસીઓમાં સ્વચ્છતા તેમજ મચ્છરોના પ્રજનનને રોકવા અંગે જાગૃતિ લાવવાનો હતો.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યા અનુસાર, DRH-BVP અને ભાવનગર રેલવે કોલોનીમાં CHI અને HI ની ટીમો દ્વારા વિશેષ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. વોટર કૂલર, ઓવરહેડ ટાંકી, ફૂલના કૂંડા, જૂના ટાયર અને કન્ટેનર જેવા ભરાયેલા પાણીના સ્થળોની તપાસ કરી તાત્કાલિક પાણી ખાલી કરાવાયું હતું અને જરૂરી સ્થળોએ એન્ટી-લાર્વા સારવાર આપવામાં આવી હતી.

મચ્છર નિયંત્રણને વધુ અસરકારક બનાવવા CHI કચેરી ખાતે હાઉસ કીપિંગ આસિસ્ટન્ટ્સ માટે જાગૃતિ સત્ર યોજાયું હતું. જેમાં લાર્વાની તપાસ, પાણી ભરાવાને રોકવાના ઉપાયો અને એન્ટી-લાર્વા સારવારની પ્રક્રિયા અંગે વિગતવાર માહિતી આપી કર્મચારીઓને તાત્કાલિક રિર્પોટિંગ કરવા પ્રેરિત કરાયા હતા.

મંડળના તમામ આરોગ્ય એકમોમાં પોસ્ટર પ્રદર્શન, જનજાગૃતિ રેલી અને કોલોની મુલાકાતો યોજીને લોકોને ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયા સામે સાવચેતી રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આરોગ્ય વિભાગે નાગરિકોને અઠવાડિયામાં ઓછામાં ઓછું એક વખત સંગ્રહિત પાણી ખાલી કરવા, પાણીના કન્ટેનર ઢાંકીને રાખવા અને રેલવે પ્રશાસનના સ્વચ્છતા અભિયાનમાં સક્રિય સહયોગ આપવા અનુરોધ કર્યો છે.

# મહુવામાં ડોક્ટરની કથિત બેદરકારીથી દર્દીનું મોત: ઓપરેશન થિયેટરમાં યુવકે દમ તોડયો

## ઘૂંટણના ઓપરેશન પહેલા એનેસ્થેસિયાનું ઈન્જેક્શન આપતાં આડઅસર થયાનો આક્ષેપ; પોલીસે મૃતદેહને PM અર્થે ખસેડી તપાસ હાથ ધરી



ભાવનગર,તા.૨૭

મહુવા શહેરની વૈદ્ય ઓર્થોપિડિક હોસ્પિટલમાં ડોક્ટરની કથિત બેદરકારીના કારણે ૪૦ વર્ષીય નરશીભાઈ ગોવિંદભાઈ ભીલ નામના દર્દીનું મોત નીપજતા ચકચાર મચી ગઈ છે. યુવકના અચાનક મોતથી ક્રોધે ભરાયેલા પરિવારજનોએ હોસ્પિટલમાં ભારે હોબાળો મચાવી મૃતદેહ સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો.

મૃતક નરશીભાઈ પોતાના પગના ઘૂંટણના ઓપરેશન માટે હોસ્પિટલમાં દાખલ થયા હતા. પરિવારના આક્ષેપ મુજબ, ઓપરેશન થિયેટરમાં બેભાન કરવા માટે એનેસ્થેસિયાનું ઈન્જેક્શન આપ્યા બાદ તુરંત જ દર્દીને આડઅસર થઈ હતી અને સારવાર દરમિયાન જ તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ મહુવા પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે પરિવારજનોને સમજાવી મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની કામગીરી હાથ ધરી છે. પોલીસે જણાવ્યું કે ર રિપોર્ટ આવ્યા બાદ મૃત્યુનું સાચું કારણ સ્પષ્ટ થશે અને તે આધારે આગળની કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.


## પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

### વિવિધ એન્જીનિયરીંગ કામ

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૧૨૬-૨૦૨૬-૨૭ | DEN/પશ્ચિમ/ભાવનગરના અધિકારક્ષેત્રમાં SSE (પી.વે) પોરબંદર હેઠળ ૨ વર્ષો માટે ટ્રેક જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ કરવાનું કામ. | ૩,૩૦,૯૯,૩૫૬.૮૯ | ૬,૬૨,૦૦૦.૦૦ |
| ૦૨ | ૧૨૭-૨૦૨૬-૨૭ | ADEN/જૂનાગઢ સબ-ડિવિઝન :- SSE/પી.વે/વિસાવદર હેઠળ ધારી-વિસાવદર અને વિસાવદર-તલાલા વચ્ચે MG સેક્શન પર બે વર્ષોના સમયગાળા માટે વિવિધ પી.વે જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ કરવાનું કામ. | ૭૦,૭૪,૭૧૦.૦૪ | ૧,૪૧,૫૦૦.૦૦ |
| ૦૩ | ૧૨૮-૨૦૨૬-૨૭ | ADEN/જૂનાગઢ સબ-ડિવિઝન :- SSE -પી.વે તલાલા હેઠળ તલાલા-દેલવાડા સેક્શન અને તલાલા-વેરાવળ સેક્શનના MG સેક્શન પર ૦૨ (બે) વર્ષોના સમયગાળા માટે આઉટસોર્સિંગ મારફતે વિવિધ પી.વે જાળવણી પ્રવૃત્તિઓનું અમલ કરવાનું કામ. | ૬૦,૭૮,૧૪૮.૬૮ | ૧,૨૧,૬૦૦.૦૦ |
| ૦૪ | ૧૨૯-૨૦૨૬-૨૭ | DEN/W/ભાવનગરના અધિકારક્ષેત્રમાં SSE (પી.વે) વેરાવળ હેઠળ ૦૨ વર્ષો માટે ટ્રેક જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ કરવાનું કામ. | ૩,૫૯,૭૬,૨૬૭.૪૪ | ૭,૧૯,૫૦૦.૦૦ |
| ૦૫ | ૧૩૦-૨૦૨૬-૨૭ | SSE (પી.વે) જૂનાગઢ ઇન હેઠળ ૦૨ વર્ષો માટે ટ્રેક જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ કરવાનું કામ. | ૩,૦૪,૩૭,૭૧૭.૩૬ | ૬,૦૮,૮૦૦.૦૦ |
| ૦૬ | ૧૩૧-૨૦૨૬-૨૭ | અમરેલી-ધારી સેક્શન (MG) :- કિ.મી. ૧૯/૬-૮ ખાતે મુખ્ય બ્રિ. નં. ૩૨ અને કિ.મી. ૨૬/૯-૨૭/૨ ખાતે બ્રિ. નં. ૪૨ નું પુનર્વસન કરવાનું કામ. | ૪,૨૧,૪૫,૧૩૬.૩૪ | ૮,૪૨,૯૦૦.૦૦ |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ : ૦૨-૦૯-૨૦૨૬ અને બિડિંગ બંધ થવાની તારીખ: ૧૬-૦૯-૨૦૨૬ વેબસાઈટ વિગત: www.ireps.gov.in

BVP-112

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

CMYK CMYK

DR. LATHIYA'S SKIN CLINIC
Dr. Sandip Lathiya
MD, Skin & VD
Dermatologist, Cosmetologist & Dermatosurgeon
ઉપલબ્ધ સારવારો
• ખીલ અને ખીલના ડાઘ
• એલર્જી અને ખંજવાળ
• સફેદ ડાઘ (vitiligo)
• સોરાયસિસ અને એક્ઝિમા
• વાળ ખરવા અને ટાલ પડવી
• ફંગલ ઈન્ફેક્શન
• નખના રોગો
• બાળકો અને મહિલાઓના ચામડીના રોગો
વિશેષ સારવારો
• Laser Hair Removal
• Chemical Peel
• PRP Hair Treatment
• CO2 Laser Treatment
ગ્રાઉન્ડ ફ્લોર, કાર્લટન સ્કેવર, માધવદિપ કોમ્પલેક્ષની પાસે, કાળાનાળા, ભાવનગર ગુજરાત-૩૬૪૦૦૧
M. 79841 66946

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
તા. ૨૭-૦૮-૨૦૨૬, ગુરૂવાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫



BLOSSOM WOMEN'S HOSPITAL & MATERNITY HOME
ડૉ. પૂજા ઘોરી લાઠીયા
એમ. એસ. સ્ત્રી રોગ તથા પ્રસુતિ નિષ્ણાત
Dr. Pooja Ghori Lathiya
MS Obstetrics and Gynecology
લેપ્રોસ્કોપિક સર્જન
ઉપલબ્ધ સુવિધાઓ:
• નોર્મલ તથા સિઝેરિયન ડિલિવરી
• સોનોગ્રાફી
• બાળક રહેવામાં તકલીફ
• ગર્ભાશય તથા ગાંઠના ઓપરેશન
• નળીમાં બાળક રહ્યું હોય તે દૂર કરવાની સુવિધા
• જોખમી ડિલિવરી
• ગર્ભાશયના કેન્સરનું રસીકરણ
+91 79843 10939
સરનામું : શોપ નં. ૨૦૪-૨૦૫, બીજો માળ, ઓરનેટ કોમ્પ્લેક્સ, રસોઈ હોટેલ ની નજીક, કાળુભા રોડ, ભાવનગર - ૩૬૪૦૦૧

# કાલે રક્ષાબંધન પર્વ : ગોહિલવાડમાં સ્નેહ, સંસ્કાર અને સાગર પૂજનનો રચાશે ત્રિવેણી સંગમ

ભાવનગર,તા.૨૭

આવતીકાલે શુક્રવારે સમગ્ર ગોહિલવાડ પંથકમાં ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને લાગણીના પ્રતિક સમાન રક્ષાબંધન પર્વની પરંપરાગત રીતે ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ તહેવારને લઈને બહેનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બહેનો દ્વારા પોતાના ભાઈઓને રક્ષાસૂત્ર બાંધી તેમના સુખ, સમૃદ્ધિ અને દીર્ઘાયુની પ્રાર્થના કરવામાં આવશે, જ્યારે ભાઈઓ પણ બહેનોની રક્ષા કરવાનો અને સ્નેહ જાળવી રાખવાનો દ્રઢ સંકલ્પ લેશે. પરિવારજનો સાથે મળીને તહેવાર મનાવવા માટેની તમામ તૈયારીઓ પૂર્ણતાના આરે છે. તહેવારને પગલે રાખડી, મીઠાઈ અને ભેટ-સોગાદોની ખરીદીમાં આખરી ઘડીનો ભારે ઘસારો જોવા મળ્યો છે, તો બીજી તરફ આ વર્ષે ઓનલાઈન ખરીદીનો ટ્રેન્ડ પણ નોંધપાત્ર રીતે વધ્યો છે.

આ પર્વ માત્ર સામાજિક સ્નેહ પૂરતું સીમિત ન રહેતાં તેનો સંબંધ ગાઢ ધાર્મિક પરંપરાઓ સાથે પણ જોડાયેલો છે. રક્ષાબંધનને 'બળેવ' તરીકે પણ ઓળખવામાં આવે છે, જે બ્રાહ્મણો માટે અત્યંત મહત્વનું પર્વ છે. આ દિવસે બ્રાહ્મણ સમુદાયના લોકો સમૂહમાં નદીકિનારે એકત્રિત થઈને હેમાદ્રી સ્નાન કરે છે અને શ્રાવણી ઉપાકર્મ વિધિ દ્વારા જૂની યજ્ઞોપવીત બદલીને નવી જનોઈ ધારણ કરે છે. શાસ્ત્રોમાં દર્શાવેલા ૧૬ સંસ્કારોમાં





તસવીર : ધવલ વાજા

ઉપનયન સંસ્કારનું વિશેષ મહત્ત્વ છે, જે વ્યક્તિના આધ્યાત્મિક જીવનની શરૂઆત સૂચવે છે. પ્રથમ જન્મ માતા-પિતા પાસેથી મળે છે, પરંતુ ઉપનયન સંસ્કાર પછી વ્યક્તિને જ્ઞાન અને ધર્મના માર્ગે આગળ વધવા માટે બીજો જન્મ મળે છે. જનોઈ ધારણ કરવાનો આ પ્રક્રિયા દોરો બદલવા માત્ર નથી, પરંતુ પોતાના કર્તવ્યો, સંસ્કારો અને આત્મશુદ્ધિ જાળવી રાખવાનો સંકલ્પ છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં આ તહેવાર 'નારિયેળી પૂનમ' તરીકે ઓળખાય છે. આ સમયે નારિયેળીનું ફળ પાકીને ખાવાયોગ્ય બનતું હોવાથી તથા દરિયામાં પુષ્કળ ભરતી આવતી હોવાથી સાગરખેડુઓ, માછીમારો અને મરજીવાઓ દરિયાદેવની અબીલ, ગુલાલ, કંકુ અને નારિયેળ અર્પણ કરીને પૂજા-અર્ચના કરે છે. આમ, રક્ષાબંધન, બળેવ કે નારિયેળી પૂનમનું પર્વ ભાઈ-બહેનથી લઈને બ્રાહ્મણો અને સાગરખેડુઓ તમામ માટે એકસમાન શ્રદ્ધા અને ઉલ્લાસનું પર્વ છે.

આ તરફ રક્ષાબંધન પર્વને આખરી ઓપ આપવા ભાવનગર શહેરની મુખ્ય બજારોમાં દુકાનો અને લારીઓ પર બહેનોનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. વેપારી બકુલ શેઠના જણાવ્યા અનુસાર, બજારમાં આ વર્ષે રૂ. ૫ થી લઈને રૂ. ૬૦૦ સુધીની અવનવી રાખડીઓ ઉપલબ્ધ છે. જેમાં ખાસ કરીને ભાઈ-ભાભી પેર, ડાયમંડ, ચાંદી, સાદી, ડિઝાઈનેબલ, સુતર, રુદ્રાક્ષ, સુખડ તેમજ ફોટાવાળી રાખડીઓનો ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે. તે જ રીતે બાળકો માટે છોટાભીમ, સ્પાઈડરમેન, ડોરેમોન, લિટલ ક્રિષ્ણા, માય ફ્રેન્ડ ગણેશા તથા લાઈટ અને મ્યુઝિકવાળી આકર્ષક રાખડીઓની વિપુલ વેરાયટીઓ બજારમાં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની છે.

**આવતી કાલે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ સાથે બ્રાહ્મણો દ્વારા શ્રાવણી બળેવ અને સાગરખેડુઓ દ્વારા નારિયેળી પૂનમની પરંપરાગત ઉજવણી કરાશે; બજારોમાં રાખડી, મીઠાઈઓ અને ગિફ્ટ આર્ટિકલ્સ સહિતની ખરીદીનો ભારે ઘમઘમાટ**

# મહુવાના બોરડી ગામે ખેતરમાં ગેરકાયદેસર વીજ ઝટકાથી સિંહણનું મોત

## મકાઈના પાકને બચાવવા ફેન્સિંગમાં સીધો વીજપ્રવાહ દોડાવ્યો હતો; વન વિભાગ દ્વારા તપાસનો ધમધમાટ

ભાવનગર,તા.૨૭

જિલ્લાના મહુવા તાલુકાના બોરડી ગામે એક વાડીમાં વીજ શોક લાગવાથી એક સિંહણનું કરુણ મોત નીપજતાં ભારે ચકચાર મચી ગઈ છે. મકાઈના પાકને બચાવવા ખેડૂતે ફેન્સિંગમાં સીધો વીજપ્રવાહ દોડાવ્યોહોવાનું હાલ સામે આવ્યું છે, બનાવના પગલે વન વિભાગ દ્વારા તપાસનો ધમધમાટ હાથ ધરાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બોરડી ગામના રહીશ નંદલાલ ભીખાભાઈ જાનીની વાડીમાં વાવેલા મકાઈના પાકને વન્યજીવોથી બચાવવા માટે ગેરકાયદેસર રીતે મુખ્ય વીજ લાઈનમાંથી સીધો વીજ પ્રવાહ તારની ફેન્સિંગમાં પસાર કરવામાં આવ્યો હતો. આ દરમિયાન વાડીમાં આવી ચડેલી સિંહણ આ વીજ વાયરના સંપર્કમાં આવી જતાં તેને તીવ્ર વીજ શોક લાગ્યો હતો અને ઘટનાસ્થળે જ તેનું મોત



નીપજ્યું હતું.બનાવની જાણ થતાં જ વન વિભાગ તથા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. સિંહણના મૃતદેહને કબ્જે કરી તેને નિયમ મુજબ પોસ્ટમોર્ટમ અર્થે એનિમલ કેર હોસ્પિટલ ખાતે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગેરકાયદેસર વીજ જોડાણ મેળવી ફેન્સિંગમાં કરંટ મૂકનાર વાડી માલિક સામે કાનૂની કાર્યવાહી કરવા તેમજ સમગ્ર મામલે વન વિભાગ અને વીજ કંપની દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

### ગારિયાધારમાં દીપડો દેખાતાં ફફડાટ: વન વિભાગે પાંજરું મૂક્યું

ગારિયાધાર શહેરના પચ્છેગામ રોડ સ્થિત પીપરવાળી વાડી વિસ્તારમાં રાત્રિના સમયે મનજીભાઈ સવાણીની વાડી નજીક દીપડો દેખાતાં સ્થાનિકોમાં ભારે ફફડાટ વ્યાપ્યો છે. શહેરની તદ્દન નજીક દીપડાના આટાફેરા વધતાં લોકોની ફરિયાદ બાદ વન વિભાગે તાત્કાલિક સ્થળ પર પહોંચી દીપડાને પાંજરે પૂરવા તજવીજ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા લાંબા સમયથી આ વિસ્તારમાં દીપડો અને જરખ વારંવાર દેખાઈ રહ્યા છે અને રખડતાં પશુઓનું મારણ કરી રહ્યા છે. વન વિભાગ દ્વારા પાંજરું ગોઠવવામાં આવ્યું છે પરંતુ હજુ સુધી દીપડો કે જરખ પાંજરે પુરાયા નથી. કોઈ અણબનાવ બને તે પહેલાં બંને વન્યજીવોને ઝડપી જંગલમાં છોડવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# નિર્દોષ માતા-પુત્રીના ભોગ લેવાયો તેમાં એસ.ટી. તંત્રની ઘોર બેદરકારી હોવાની ઉઠી બૂમ : બસના કિલોમીટર પુરા થઈ ગયા હતા !?

## ડ્રાઈવર પર ઓવરટાઈમનું દબાણ અને ૭ લાખ કિ.મી.થી વધુ ચાલેલી બસો રોડ પર દોડાવાતાં મુસાફરો અને રાહદારીઓના જીવ જોખમમાં મુકાતા હોવાનો એસટીના કર્મચારીગણમાં વ્યાપેલો ગણગણાટ



ભાવનગર,તા.૨૭

ભાવનગર એસ.ટી. વિભાગની ગંભીર ક્ષતિ અને ગુનાહિત બેદરકારીના કારણે ગઈકાલે સર્જાયેલા દર્દનાક અકસ્માતમાં નિર્દોષ માતા-પુત્રીના મોત નીપજ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એક તરફ ડ્રાઈવરોને ઓવરટાઈમ ડ્યુટી કરવા માટે ફરજ પાડવામાં આવે છે, તો બીજી તરફ કિલોમીટરની ક્ષમતા પૂરી થઈ ગઈ હોવા છતાં નિયમ વિરુદ્ધ કંડમ વાહનો રોડ પર દોડાવીને મુસાફરો તેમજ રાહદારીઓના જીવ જોખમમાં મૂકવામાં આવી રહ્યા છે. નવી બસો ઉપલબ્ધ હોવા છતાં ખટારા જેવી બસો ચલાવવાની આ નીતિ સામે હવે કર્મચારીઓમાં જ સવાલો ઉભા થયા છે.

સુત્રોથી પ્રાપ્ત વિગતો મુજબ, તળાજા એસ.ટી. ડેપોમાં વહીવટી તંત્રની ઘોર અનિયમિતતા સામે આવી છે. સાત લાખ કિલોમીટરથી વધુ અંતર કાપી ચૂકેલી અને સ્ક્રેપમાં મોકલવા યોગ્ય બસોને બેધડકપણે રૂટ પર દોડાવવામાં આવી રહી છે. ડ્રાઈવરો દ્વારા બ્રેક ઓછી લાગતી હોવાની વારંવાર ફરિયાદો કરવા છતાં વર્કશોપ દ્વારા મેન્ટેનન્સ ટાળવામાં આવે છે, કારણ કે જો ગાડી સ્ક્રેપમાં જાય તો નવા નાખેલા સ્પેયર પાર્ટ્સ વ્યર્થ જવાની માનસિકતા સેવાઈ રહી છે. આ બેદરકારીના કારણે બ્રેક ફેઈલ થતાં ગંભીર અકસ્માતો સર્જાઈ રહ્યા છે. તળાજા ડેપોની GJ 18 Z 5080, 6581, 4712, 6308 અને 5217 નંબરની પાંચ બસો ૭ લાખ કિમીથી વધુ ચાલી ચૂકી હોવા છતાં રોડ પર દોડી રહી છે, જેના કારણે અકસ્માતોની હારમાળા સર્જાઈ છે તેવો પણ ગણગણાટ વ્યાપ્યો છે.

**અકસ્માત-૧ ;** બસ નંબર GJ 18 Z 6581- છાંયા રોડ પર બ્રેક ફેઈલ થતાં બસ રોડ નીચે ઉતરી ગઈ હતી, જેમાં ૬ થી ૭ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા.
**અકસ્માત-૨;** બસ નંબર GJ 18 Z 5080- બ્રેકની ફરિયાદ છતાં ધ્યાને નહિ લેવાતા ભાવનગર ખાતે બ્રેક ફેઈલ થઈ હતી. ડેપો બહાર નીકળતાં જ બસ ડિવાઈડર સાથે ભટકાઈને લોકોને કચડતાં નિર્દોષ માતા-પુત્રીના મોત નીપજ્યા.
**અગાઉનો બનાવ;** બસ નંબર GJ 18 Z 4685- બે મહિના અગાઉ પણ ૭ લાખ કિમી ચાલેલી આ બસ બ્રેક ફેઈલ થતાં ઝાડ સાથે અથડાઈ હતી, જેને અકસ્માત બાદ સ્ક્રેપમાં મોકલાઈ હતી.

### તળાજા ડેપોની આ પાંચ બસ યમરાજ બનીને રોડ પર દોડી રહી હોવાનો ગણગણાટ

તંત્ર અકસ્માત સર્જાય અને લોકોના જીવ જાય તે પછી જ બસને સ્ક્રેપમાં મોકલે છે તેવો ગંભીર આરોપ ઉઠ્યો છે. હાલમાં ૫૦૮૦ અને ૬૫૮૧ બસને સ્ક્રેપમાં મોકલવાની કવાયત હાથ ધરાઈ છે, પરંતુ હજુ પણ ૫૨૧૭, ૪૭૧૨ અને ૬૩૦૮ નંબરની કંડમ બસો રોડ પર જોખમકારક રીતે દોડી રહી છે, જેને તાત્કાલિક હટાવવામાં નહીં આવે તો વધુ એક હોનારત સર્જાવાની ભીતિ સેવાઈ રહી હોવાનો ગણગણાટ વ્યાપ્યો છે.

# શેત્રુજી ડેમ વિસ્તારમાં મહિલાના ઝુપડામાંથી ઈંગ્લીશ દારૂ મળી આવ્યો

## ઝૂંપડા પર દરોડો પાડી રૂ.૧,૪૪૦ની ૮ બોટલ પાલીતાણા રૂરલ પોલીસે જપ્ત કરી

ભાવનગર,તા.૨૭

ભાવનગર જિલ્લાના પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશનના સ્ટાફને શેત્રુજી ડેમ ઓ.પી. વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન શેત્રુંજી ડેમ -ગોવાળધાર, નાની પાણીયાળી ગામના વિસ્તારમાં રહેતી સુનીતાબેન વિનોદભાઈ વનાભાઈ પરમાર પોતાના રહેણાક ઝૂંપડામાં ગેરકાયદેસર પરપ્રાંતીય વિદેશી દારૂ રાખી વેચાણ કરતી હોવાની બાતમી મળી હતી.

આ બાતમીના આધારે પંચોને સાથે રાખીને પોલીસે તેના ઝૂંપડા પર રેડ પાડી હતી. રેડ દરમિયાન આરોપી મહિલા સ્થળ પર હાજર મળી આવી ન હતી, પરંતુ ઝૂંપડાની બાજુમાંથી પ્લાસ્ટિકની થેલીમાં ભારતીય બનાવટની રોયલ ક્લાસિક વ્હીસ્કીની ૧૮૦ એમ.એલ.ની શીલપેક કુલ ૮ બોટલો કી.રૂ.૧૪૪૦ મળી આવી હતી.જે મુદામાલ જપ્ત કરેલ રેડ દરમિયાન હાજર ન મળી આવેલ સુનીતાબેન સામે પોલીસે પ્રોહિબિશન એક્ટની કલમ મુજબ કાયદેસરની ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# તળાજા એસ.ટી. ડેપોમાં બસોના મેન્ટેનન્સના અભાવે પ્રવાસીઓ- કર્મચારીઓ હેરાન: આંદોલનની ચીમકી

## વારંવાર બ્રેકડાઉન થતાં વાહનોથી નિગમની પ્રતિષ્ઠાને નુકસાન છતાં ઉચ્ચ અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યાનો આક્રોશ

ભાવનગર,તા.૨૭

તળાજા એસ.ટી. ડેપો ખાતે વાહનોના યોગ્ય મેન્ટેનન્સના અભાવે છેલ્લા ઘણા સમયથી બસો રસ્તામાં વારંવાર બ્રેકડાઉન થવાની ઘટનાઓ વધી રહી છે, જેના કારણે પ્રવાસી જનતા સહિત ડ્રાઈવર અને કંડક્ટર જેવા કર્મચારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ડેપોના વાહન નંબર GJ 18 Z 5080, GJ 18 Z 6581, 5217, 3533 અને 4060 સહિતની બસો વારંવાર રસ્તામાં ખોટકાઈ જતાં મુસાફરો હેરાન-પરેશાન થઈ રહ્યા છે અને આ સતત સર્જાતી ખામીઓને કારણે નિગમની પ્રતિષ્ઠાને પણ મોટું નુકસાન પહોંચી રહ્યું છે.

આ બ્રેકડાઉનની સમસ્યા અંગે ડ્રાઈવરો દ્વારા લોગશીટમાં નોંધ કરવા ઉપરાંત એસ.એમ.જી.ને રૂબરૂ મૌખિક રજૂઆતો પણ કરવામાં આવી હોવા છતાં વર્કશોપ વિભાગ દ્વારા કોઈ યોગ્ય સમારકામ કે કાર્યવાહી કરવામાં આવી નથી. વર્કશોપની આ નિષ્ક્રિયતા સામે કર્મચારીઓમાં વ્યાપેલા અસંતોષને પગલે તળાજા ડેપો કર્મચારી મંડળના યુનિટ સેક્રેટરી દ્વારા ૨૬ જૂન ૨૦૨૬ના રોજ ડેપો મેનેજરને લેખિત પત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. છે.

પત્રમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે જો આગામી ૧૦ દિવસની અંદર આ ગંભીર સમસ્યાનું સત્વરે નિરાકરણ લાવવામાં નહીં આવે, તો ડેપોમાં સુલેહ-શાંતિનો ભંગ થઈ શકે છે અને કર્મચારીઓ દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમ ઘડી કાઢવામાં આવશે, જેની તમામ જવાબદારી એસ.ટી. તંત્રની રહેશે. આ બાબતની ગંભીરતાને ધ્યાને રાખીને નકલ રવાના મારફતે ભાવનગર વિભાગીય નિયામકને પણ આ અંગે લેખિત જાણ કરવામાં આવી છે.

# વિજયરાજનગરની આદર્શનગર હાઉસિંગ સોસાયટીમાં અશાંતધારાની મંજૂરી સામે રહીશોનો આક્રોશ

## ૯૯% હિન્દુ વસ્તી ધરાવતા વિસ્તારમાં ડેમોગ્રાફીક ફેરફાર અને બેનામી વ્યવહારોની આશંકા વચ્ચે સઘન તપાસની ઉગ્ર માંગ



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૭

ભાવનગર શહેરના વિજયરાજનગર શેરી નં. ૬ (આદર્શનગર કો.ઓ.હા.સો.લી.) તથા દૂધ ડેરી રોડ વિસ્તારના રહીશો દ્વારા સિટી સર્વે વોર્ડ નં. ૭ ના પ્લોટ નં. ૧૯૨ અને ૨૦૮ પૈકીની મિલકતોમાં અશાંતધારાની મંજૂરી આપવામાં આવી હોવાનું જણાવી તેની સામે ભારે વિરોધ નોંધાવી નાયબ કલેક્ટર (સિટી) ભાવનગરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

આવેદનપત્રમાં સ્થાનિક રહીશોએ ગંભીર ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું છે કે નીલમબાગ સર્કલથી ડાહ્યાભાઈ ચોક સુધીના આ વિસ્તારમાં સરેરાશ ૯૯% હિન્દુ ધર્મના લોકો વર્ષોથી વસવાટ કરે છે, પરંતુ તાજેતરમાં સર્કલ ઓફિસર સિટી મામલતદાર દ્વારા અશાંતધારાની મંજૂરી અંગેની તપાસ અરજીઓ (એસ.આર. નં. ૧૫૩૦/૨૦૨૬ અને ૧૫૩૧/૨૦૨૬) ના કામે સામે આવ્યું કે આ મિલકતો અન્ય સમુદાયના વ્યક્તિઓના નામે બોલે છે. રહીશોનો દાવો છે કે જો આ પ્લોટો પર અશાંતધારા હેઠળ મંજૂરી આપીને બાંધકામ કે ટ્રાન્સફર કરવામાં આવશે તો વિસ્તારનો ડેમોગ્રાફીક રેશિયો ખોરવાશે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જોખમાવાની પૂરેપૂરી શક્યતા છે.મિલકતોની હિસ્ટ્રી અંગે રહીશોએ રજૂઆત કરી હતી કે પ્લોટ નં. ૧૯૨ મૂળ કાંતિલાલ રાઠોડની માલિકીનો હતો, જે વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૨ ના રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો મારફતે ફેરબદલ થઈને હાલ શમાફાતિમા મોહમ્મદઅબ્બાસ સવજાણીના નામે બોલે છે, જ્યારે પ્લોટ નં. ૨૦૮ પૈકીની મિલકત ઝાલા ચેતનાબા પાસેથી વર્ષ ૨૦૨૨ માં દિલાવરહુસૈન શબ્બીરઅલી સવજાણી તથા શમાફાતિમા મોહમ્મદઅબ્બાસ સવજાણીએ ખરીદ કરી હતી. સ્થાનિકોએ ચોંકાવનારો આરોપ લગાવ્યો છે કે આ કાગળ પરના ખરીદદારોએ ક્યારેય પણ સ્થળ પર પ્રત્યક્ષ કબજો ભોગવ્યો નથી અને આ તમામ વ્યવહારો પરોક્ષ કે બેનામી રીતે થયા હોવાની પ્રબળ શંકા છે. એટલું જ નહીં, અશાંતધારાની અરજીઓની તપાસ દરમિયાન અચાનક અરજીઓ પરત ખેંચી લેવાઈ હોવાની વિગતો સામે આવતાં આની પાછળ કોઈ મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાની આશંકા વ્યક્ત કરાઈ છે. આથી રહીશોએ નાયબ કલેક્ટર સમક્ષ સીટી સર્વે નં. ૫૬૮૪/૬ તથા ૫૬૮૪/૧૬૧ વાળી મિલકતોમાં કોઈપણ સંજોગોમાં અશાંતધારાની મંજૂરી ન આપવા તેમજ ભૂતકાળમાં થયેલા તમામ ટ્રાન્ઝેક્શનો બેનામી કે દબાણપૂર્વકના છે કે કેમ તેની વિગતવાર અને નિષ્પક્ષ તપાસ કરી વિસ્તારની શાંતિ અને સલામતી જાળવી રાખવા કડક માંગ કરી છે.

CMYK CMYK